જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૨૩   સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૯૮૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩૮ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૨ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૯૮૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-   સમાચાર યાદી નં.૧૯૮૯/૨૦૨૩

**નિકોલઃ** નિકુંજકુમાર અશ્વીનભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. ગેલેક્ષી રેસીડેન્સી હરિદર્શન ચાર રસ્તાની બાજુમાં નવા નરોડા) એ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફારીયાદ નોધાવી છે કે નિકુંજકુમાર પટેલ કઠવાડા જી.આઇ.ડી.સી રોડ નં-૫, કોટક મહીન્દ્રા બેંકની બાજુમાં વિકટોરીયા ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સેડ નં-૪૩ એ.બી.મેટલ ઇન્ડસ્ટ્રીઝ ખાતે ધંધો કરતા હોઈ તા.૧૬/૧૧/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) તુષાર ગોયલ મોબાઇલ નંબર-૯૯૧૫૧૯૩૪૬૦ ના ધારક (૨) ચેતન આહુજા મોબાઇલ નંબર- ૮૬૩૦૦૨૨૧૮૨ ના ધારક (કંપની એડ્રેસ “ પુજા વિહાર એડજોઇનીંગ બેનસન ગેસ્ટ હાઉસ, સેવલા કલા,ચંદ્રબાલી, દેહરાદુન, ઉત્તરાખંડ તથા ગોડાઉન એડ્રેસ સોપ નં-૧૩ ફેઝ-૧ ટ્રાન્સપોર્ટનગર, ઉત્તરાખંડ) નાઓ પાસેથી સ્ક્રેપ મંગાવતા સ્ક્રેપના માલના નાણા ૧૧,૫૦,૦૦૦/- મેળવી લઈ માલ નહીં મોકલી તેમજ માલના નાણા પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૦/૨૦૨૩**

**એરપોર્ટઃ** પમનદાસ તુલશિયોમલ રોચવાણી (ઉ.વ.૬૮) (રહે. સિન્ધી કોલોની સી.જી.સ્કુલ પાસે સરદારનગર) એ તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૩ રાતના ૦૦/૩૦ થી સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ટેરીસની લોખંડની જાળીનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના બિસ્કીટ નંગ-૭ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.દેસાઈ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૧/૨૦૨૩**

**નરોડાઃ** ધનસિંગ દેવીસિંગ રાજપુત (ઉ.વ.૬૧) (રહે. રીધમ રેસિડેન્સી નારોલ) તા.૧૦/૧૨/૨૦૨૩ બાપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નરોડા કૃષ્ણનગર ચાર રસ્તા પાસે આવેલ અદાણી સી.એન.જી.પંપ સામેથી પોતાના સંબંધી સાથે મોટર સાયકલ ઉપર બેસી પસાર થઈ રાહ્યા હતા ત્યારે એક એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષોએ રોકી, મોટર સાયકલ કેમ સરખી ચલાવતો નથી તેમ કહી બોલાચાલી ઝગડો કરી ગડદા પાટુનો માર મારી ધનસિંગ રાજપુતના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- કાઢી લઇ લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધનસિંગ દેવીસિંગ રાજપુત એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૨/૨૦૨૩**

**"એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વાસણા પોલીસ સ્ટેશનની બાજુમા ફુટપાથ ઉપર રહેતા પ્રમીલા હકજી ડામોર (ઉ.વ.૩૯) (મુળવતન. કિશનપાડા તા.સજ્જનગઢ જી.બાસવાડા રાજસ્થાન) ફુટપાથ ઉપર સુતા હતા ત્યારે **તા.૧૧/૧૨/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે** એ.એમ.સી ટ્રક નંબર જીજે ૦૧ જીએ ૧૫૨૫ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટ્રક ફુટપાથ ઉપર ચલાવતા ટ્રકનું ટાયર પ્રમીલા ડામોર ઉપર ફરી વળતા ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યું નિપાજયું હતું. જ્યારે પ્રમીલા ડામોરના પતિ હકજી બદા ડામોર (ઉ.વ.૩૯) ને પણ ઈજાઓ થઈ હતી. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર પ્રમીલા ડામોરના પતિ હકજી બદા ડામોર એ **"એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.**

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૩/૨૦૨૩**

**રામોલઃ** કાનાજી હેમાજી ઠાકોર (ઉ.વ.૩૩) (રહે.નવાપરામાં મહેમદપુરાગામ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) તા.૧૦/૧૨/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રામોલ ગામમા આવેલ ભરવાડવાસમા જુનુ મકાન તોડવાનું મજુરીકામ કરતા હતા ત્યારે મકાનની દિવાલ કાનાજી ઠાકોર ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા સરાવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૪/૨૦૨૩**

**નારોલઃ** પ્રભાકરભાઇ ઉત્તમરાવ વાનખડે (ઉ.વ.૫૮) (રાહે. સુંદરમ એવન્યુ શ્રી રામ રેસિડેન્સી સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી